# કચ્છમાં દાડમની ઉન્નત ખેતી



અરવિંદ કુમાર
દેવી દયાલ
શમ્સુદીન
હરગોવિંદ

કેન્દ્રીય શુષ્ક ક્ષેત્ર અનુસંધાન સંસ્થાન
પ્રાદેશીક અનુસંધાન સ્થાત્ર,
કુકમા, તાઃ ભુજ – ૩૭૦૧૦૫ (ગુજરાત)

ભાકૃઅનુપ ICAR

**પ્રસ્તાવના**

દાડમ એ એક વધુ લોકપ્રિય અને સ્વાદિષ્ટ ફળ છે. દાડમમાં શર્કરા, ખનીજતત્વો અને લોહતત્વનું સારું એવું પ્રમાણ ધરાવે છે. પરંતુ કેલ્શિયમનું થોડું ઓછું પમાણ ધરાવે છે. તે સૂકા તેમજ મધ્યમ સૂકા પ્રદેશોમાં ખૂબ જ સારી રીતે વિકાસી શકે છે. તેના ફળોના વિકાસ માટે ગરમ તેમજ સૂકી આબોહવા વધુ અનૂકુળ પડે છે. દાડમ માટે સારા જળ નિકાસવાળી રેતાળ જમીન વધુ યોગ્ય મનાય છે. આ ઉતરાંત તે ક્ષારની 9 EC સુધીની માત્રા સહન કરી શકે છે.

**મહત્વની જાતો**

ગુજરાતમાં તેની સૌથી વધુ લોકપ્રિય અને પ્રખ્યાત જાત "ધોલકા" છે. ઉપરાંત તેની બીજી પણ જાણીતી જાતો જેવી કે જાલોરી સીડલેસ, જોધપુરી લાલ, જોધપુરી સફેદ, ગણેશ તેમજ જયોતિ, રૂબી વગેરે જાતો છે.

**દાડમનું સ્થાપન**

તેને કટીંગ તૈયારી કરી લગાવી શકાય છે. ૬ મહિનાથી ઓછું પુખ્ત અને ૧૮ મહિનાથી વધુ પુખ્ત થડ ધરાવતું મૂળ રોપવા માટે ખૂબ જ મુશ્કેલી પડે છે. એક મોસમ જૂની કટીંગને મૂળ રોપણી માટે યોગ્ય મનાય છે. આ કટીંગ્સ મૂળના તળીયે જે નાના નાના છોડ ફુટેલા હોય તેમાંથી પણ તૈયાર કરી શકાય છે. આ કટીંગ ૨૦ થી ૩૦ સેમી લાંબી અને ૬ થી ૧૨ મીમી જાડી હોવી જોઈએ. કટીંગને પોટેશિયમ ક્ષાર તેમજ સાથે ૩૦ સેકન્ડ સુધી પ્રક્રિયા કરવામાં આવે છે. વાવેતર ચોમાસાની ઋતુમાં કરવું જરૂરી ગણાય છે.

**રોપણ કરવાની રીત**

દાડમની તૈયાર કરેલી કટીંગ્સને ૪ થી ૫ મીટરની જગ્યામાં વાવણી કરવી જોઈએ. જુલાઈથી ઓગષ્ટ દરમિયાન જયારે રોપણી કરવી હોય તેનાથી મહિના અગાઉ ૬૦ × ૬૦ × ૬૦ સેમીના ખાડા તૈયાર કરી તેને ખુલ્લા છોડી દેવા જોઈએ. આ ખાડાના તળીયે તેમજ કિનારી પર લગભગ ૫૦ ગ્રામ ૫% અથવા તો કાર્બાઈલ ડસ્ટનો ઉપયોગ કરવો જોઈએ. જેથી ઉધઈથી રક્ષણ મેળવી શકાય છે. તે પછી ખાડાઓને ૨૦ કિલોગ્રામ છાણિયું ખાતર, ૧ કિલોગ્રામ સુપર ફોસ્ફેટ તેમજ રેતી, માટી મિશ્રિત કરી ભરી દેવા જોઈએ. પછી પાણી નાખી ખાડાને તૈયાર થવા દેવા. કટીંગ્સને ખાડાની મધ્યમાં રોપવા. વધુ ઘટ્ટ વાવેતર કરવાનું હોય ત્યારે ખાડાઓની જગ્યા મીટરની રાખી શકાય.

**ટ્રેનિંગ પ્રુનિંગ**

દાડમમાં બહુ વિભાજિત શાખાઓની વધારાની ડાળીઓને કાપીને (પ્રનિંગ) કરવામાં આવે છે. મુખ્ય છોડ ૪ થી ૫ શાખાઓને વિકસવા માટે રાખવી વધુ યોગ્ય છે. દાડમમાં ખાસ કરીને પ્રુનિંગની ખાસ જરૂર પડતી નથી. સિવાય કે નિંદણ દૂર કરવી, ક્રોસ શાખાઓ દૂર કરવી, મૃત અને રોગમુકત શાખાઓ દૂર કરવી અને છોડને યોગ્ય આકાર આપવો. આ ઉપરાંત ખૂબ જ થોડી માત્રામાં ૪ થી ૫ વર્ષ બાદ જૂની શાખાઓની પ્રુનિંગ કરવી જેથી નવી શાખાઓ વિકાસી શકે.

**ખાતર અને રાસાયણિક પોષક તત્વો**

દાડમ ઓછી ફળદ્રુપ જમીનમાં પણ ખૂબ જ સફળતાપૂર્વક વિકસી શકે છે. આ ઉપરાંત ખાતર અને રાસાયણિક તત્વોની મદદથી ફળની ઉપજ વધારી શકાય છે. એક પુખ્ત છોડમાં ૧૦ કિલોગ્રામ છાણિયું ખાતર પ્રતિ છોડની માત્રામાં આપવું જોઈએ. આ ઉપરાંત નું સામાન્ય પ્રમાણ થી નાઈટ્રોજન થી ગ્રામ ફોસ્ફસર, થી ગ્રામ પોટેશિયમ પ્રતિ છોડ દરેક વર્ષ આપવું. આ પૈકી ફોસ્ફરસ અને પોટાશનો ફુલ ડોઝ પ્રથમ સિંચાઈ વખતે જ અને નાઈટ્રોજનને બે ભાગમાં એક પ્રથમ સિંચાઈ વખતે અને પ્રથમ સિંચાઈ પછી બીજો ત્રણ અઠવાડીયા પછી આપવો.

**દાડમ સાથે આંતર પાકો**

દાડમની ઉપજ લગભગ ૪ થી ૫ વર્ષ પછી શરૂ થાય છે. આથી આ વચ્ચેના સમય દરમિયાન આંતર પાકો લઈ શકાય છે. ચોમાચા દરમિયાન ઉપરાંત સિંચાઈના આધારે શાકભાજી તેમજ વિવિધ કઠોળને આંતર પાકો તરીકે લઈ શકાય છે.

**બહાર ટ્રીટમેન્ટ (ફુલનું સ્થાયીકરણ)**

દાડમનો છોડ સમગ્ર વર્ષ ફળ તેમજ ફુલનું ઉત્પાદન કરતો રહે છે. સારી ઉપજ મેળવવી હોય તો ફુલોનું સ્થાયીકરણ કરવું જરૂરી છે. જેથી છોડને થોડો વિરામ સમય મળી રહે. શુષ્ક વિસ્તારોમાં જૂન મહિના દરમિયાન ફુલ ઉત્પાદન ફાયદાકારક રહે છે. મગ બહાર જાતમાં આ ટ્રીટમેન્ટ કરવાથી વધુ ફાયદા મેળવી શકાય છે. છોડના ફળ માર્ચથી મે સુધી રહે છે. તે પછી ખેતરને ખેડી, ખાતર આપી પ્રથમ હળવી

સિંચાઈ મે મહિનાથી મધ્ય સુધીમાં કરી દેવી અને તે પછી વરસાદ પડે તે સુધીમાં એકાદ હળવી સિંચાઈ કરી દેવી. આ રીતે નવેમ્બર સુધીમાં જોવા મળે છે. આ ઉપરાંત કળીમાં એક કળી દીઠ એક ફળને વિકસવા દેવા જોઈએ. જેથી તેનો યોગ્ય વિકાસ થઈ શકે.

**સિંચાઈ**

જૂન મહિનામાં ફુલ ઉત્પાદન મેળવવા માટે પ્રથમ સિંચાઈ મે મહિનાના મધ્યમાં કરવી. તે પછી વરસાદ શરૂ થાય ત્યાં સુધી જરૂરીયાત પ્રમાણે સિંચાઈ કરવી. ટપક સિંચાઈએ આર્થિક દ્રષ્ટિએ વધુ યોગ્ય ગણાય છે. તે ખારા પાણીની સુધીની માત્રા સહન કરી શકે છે.

**ફળ ઉતારવાની રીતી અને તેને સાચવવાની રીત:**

દાડમની કોઈ ખાસ ચોકકસ સિઝન હોતી નથી. આથી દાડમનું ફળ સંપૂર્ણ પાકી જાય પછી જ ઉતારવું જોઈએ. તેમ છતાં તેના ફળો લાગ્યા પછી ૧૨૦ થી ૧૩૦ દિવસમાં પાકીને તૈયાર થઈ જાય છે. પાકી ગયેલા ફળમાં પાકેલા દાણાનો ખાસ પ્રકારનો અવાજ સાંભળી શકાય છે. ફળોને હાથેથી તોડવા ૬૦ થી ૮૦ ફળ પ્રતિ વર્ષ આપી શકે છે. તેમજ દાડમનું આયુષ્ય લગભગ ૨૫ થી ૩૦ વર્ષનું હોય છે.

ફળોના કદ, વજન, રંગ, આકારના આધારે તેનું ગ્રેડીંગ કરવામાં આવે છે. તેના ફળોને ફાઈબરની કે લાકડાની પેટીમાં ૩ થી ૫ હરોળમાં નકામા કાગળમાં લપેટીને પેક કરવામાં આવે છે. તેના ફળ ને કોલ્ડ સ્ટોરેજમાં તાપમાને બે મહિના સુધી સંગ્રહ કરી શકાય છે.

**રોગ:**

**અંદરથી ફળ ખવાઈ જવું/ દાણા કાળા પડવા**

આ ખામી બહારથી જાણી શકાતી નથી. જેમાં ફળ નરમ પડી જાય છે. ફળ બદામી રંગનું થઈ જાય છે. આ ખામીથી બચવા માટે ફળને ૧૨૦ થી ૧૩૫ દિવસથી વધુ દિવસ સુધી છોડ પર ન રહેવા દેતા ફળ તૈયાર થઈ જાય એટલે તરત જ ઉતારી લેવું જોઈએ.

**ફળમાં તિરાડ પડવી**

સૂકા પ્રદેશોમાં દાડમમાં જોવા મળતી આ એક મુખ્ય મુશ્કેલી છે. આ ખામી રોકવા માટે જમીનમાં ભેજનું પ્રમાણ, જમીનમાં ભેજના પ્રમાણમાં તફાવત ન થવા દેવો જોઈએ તેમજ નિયમિત સિંચાઈ તેમજ અને બોરોન નો છંટકાવ કરવો જોઈએ.

**છોડ સંરક્ષણ**

સામાન્ય રીતે દાડમના ફળો પર કીટકોનું આક્રમણ થાય છે. જે પૈકી અનાર પતંગિતા તેમજ બાંક ઈટીંગ કીટકો મુખ્ય છે. આ કીટકોથી રક્ષણ મેળવવા માટે કાર્બાઈલ અથવા ફોસ્ફામિડોનનો છંટકાવ કરવો જોઈએ.

<u>ધબ્બા પડવાનો રોગ:</u>

આ રોગમાં ફળો તેમજ ફુલ પર પીળા તેમજ કાળા રંગના ડાઘ પડે છે. તેના નિવારણ માટે ડાઈથેન એમ અથવા કેપ્ટાન ગ્રામ નું લિટર પાણીમાં દ્રાવણ બનાવી છંટકાવ કરવો. આ રીતના ૩ થી ૪ છંટકાવ જરૂરી રહે છે.

<u>પાન ચીમડાઈ જવા:</u>

આ રોગના નિવારણ માટે મોનોક્રેટોફોસના દ્રાવણનો ૨૦ દિવસના અંતરમાં ૩ વાર છંટકાવ કરવો.

<u>વિષાણું યુકત મુળ ગાંઠ:</u>

આ રોગયુકત છોડની મુળ ગંડિકાઓ અને મુળમાં ગાંઠો જોવા મળે છે. આ માટે માટીમાં ફયુરુડાન ગ્રામનું થી કિલોગ્રામ પ્રતિ હેકટરના હિસાબે દ્રાવણ બનાવી નાખવું જોઈએ. આ ઉપરાંત મોનોક્રેટોફોસનો છંટકાવ કરવો.

**દાડમના પાકની વિવિધ રીતે આવક:**

સામાન્ય રીતે દાડમનો એક તાજા ફળ તરીકે ઉપયોગ થાય છે. તે ઉપરાંત દાડમના મુલ્યવર્ધક ઉત્પાદો તરીકે સ્કવોશ, અનારદાના અને જેલી તેના જાણીતા ઉત્પાદ છે.